# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #3

Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

તમારા બાળક સાથે તમારા ઘરની ભાષા(ઓ)માં વાત કરવી અને તમારી સંસ્કૃતિ તથા અનુભવો તેમની સાથે વહેંચવાથી તેમને અંગ્રેજી શીખવાનું વધુ દ્રઢ બનાવવામાં મદદ મળી શકે. આ આનંદમય રમતો અને પ્રવૃત્તિઓને તેમના એકંદર ભાષાકીય વિકાસને ટેકો આપવા માટે કોઈપણ ભાષામાં ઉપયોગમાં લો.

## વાત જણાવો

સારા વક્તાઓ તેઓ વાંચતા હોય ત્યારે તેમનો અવાજ નૈસર્ગિક રાખે છે, જાણે કે તેઓ વાતચીત કરી રહ્યાં હોય. આ મજેદાર પ્રવૃત્તિ વિડે તમારા બાળકને તેના મોઢે બોલવાના ભાષાકીય કૌશલ્યો વિકસાવવામાં મદદ કરો.

1. તેમણે મોટેથી વાંચી સંભળાવવા માટે એક ટૂંકું લખાણ પસંદ કરવા માટે સાથે મળીને કામ કરો.
2. તેમને સ્પષ્ટપણે અને અભિવ્યક્તિ સાથે બોલવાનો મહાવરો કરાવો.
3. ત્યારબાદ, તેમને મિત્રો અને પરિવાર માટે ઑડિઓબુક્સ બનાવવા માટે તેમનું પોતાનું રેકર્ડિંગ કરવા માટે પ્રેરો.

## આગળ વધો

તમારા બાળક સાથે ખરીદી કરવા બહાર જવાનું ગોઠવો. સાથે મળીને, ખરીદી કરવાની વસ્તુઓની સૂચિ બનાવો. તેમને આ સૂચિમાં વસ્તુઓ ઉમેરવા માટે તમને જણાવવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

શું આપણે કૂકિઝ ખરીદી શકીએ?

હા, આપણે કૂકિઝ ખરીદી શકીએ.

જ્યારે તમારી ખરીદી થઈ જાય, ત્યારે શું ખરીદી કરી તે તમને જણાવવા માટે કહો. તેમને પૂરાં વાક્યોનો ઉપયોગ કરવા માટે પ્રેરો. વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત સૂચકોનો ઉપયોગ કરો:

- **આપણે શું ખરીદ્યું?**
- **આપણે _____ ખરીદ્યું.**



## ફોટો બૂથ

બહાર જાઓ અને અલગ-અલગ છોડના ફોટા પાડો. ત્યારબાદ, દરેક છોડના અલગ-અલગ ભાગો વિશે વાત કરો.

તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નિમ્નલિખિત પ્રશ્નોનો ઉપયોગ કરો:

- **શું તે છોડને ફળ આવે છે?**
- **શું તે છોડને શાકભાજી આવે છે?**
- **શું તે છોડમાં કાંટા છે?**
- **શું તે છોડને ફૂલ આવે છે?**

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.



## સુપર સોર્ટ

1. દરેક ખેલાડી પાસે તાપમાનને આધારે એક વસ્તુ પસંદ કરાવો અથવા ઉપાડાવો.
2. દરેક ખેલાડી જે વસ્તુઓ પસંદ કરે અથવા ઉપાડે તેમની સરખામણી કરો અને તાપમાનના ચડતા ક્રમમાં ગોઠવો (ગરમ, વધુ ગરમ, અને સૌથી વધુ ગરમ).
3. ત્યારબાદ, વસ્તુઓને તાપમાનના ઉતરતા ક્રમમાં ગોઠવો (ઠંડી, વધુ ઠંડી, સૌથી વધુ ઠંડી).

ત્યાર પછીના વખતે, વસ્તુઓને એક અલગ રીતે વર્ગીકૃત કરો:


- **કદ (સૌથી મોટી, સૌથી નાની)**
- **ઝડપ (સૌથી ઝડપી, સૌથી ધીમી)**
- **ઊંચાઈ (સૌથી ઊંચી, સૌથી નીચી)**

Lexia © 2024 Lexia, a Cambium Learning Group company.

# SPEAK@HOME

બોલવાની અને સાંભળવાની પ્રવૃત્તિઓ | #3

## સ્પર્ધાનો સમય



કાવ્ય સ્પર્ધાની યજમાની કરો! દરેક સ્પર્ધકે ઑનલાઇન એક એવું એક કાવ્ય શોધવું જોઈએ જે કવિએ મોટેથી ગાયું હોય અને એક સ્પર્ધાનું માળખું તૈયાર કરવું જોઈએ - બાસ્કેટબૉલ પ્લેઑફમાં ઉપયોગમાં લેવાય છે તેવું - જેમાં ટીમના નામને બદલે કાવ્યોના શીર્ષકો હોય. દરેક સ્પર્ધકે તે પછી તેમનું કાવ્ય ગાઈ સંભળાવવું જોઈએ. બે સ્પર્ધકોને એકબીજા સામે હરિફાઇમાં ઉતરવા માટે પસંદ કરવા જોઈએ. પરવિારના સભ્યો એ મત આપીને સ્પર્ધાના વજિેતા નક્કી કરવા જોઈએ.

## લસિનગિ લેબ

મોટેથી વાંચવું અથવા વાર્તા કહેવી. તમે આ વશેિ વાત કરી શકો:

| | |
|---|---|
| **એક રસપ્રદ સ્થળ** | **પ્રાણીઓ** |
| **તમે રહો છો તે દેશ** | **એક શોધ કરનાર (ઇન્વેન્ટર)** |
| **સમુદાયને મદદ કરવી** | **ઇતિહાસમાંની કોઈ વ્યક્તિ** |

ત્યારબાદ આ પ્રશ્નો પૂછો:

- _____ શા માટે એક _____ બન્યા?
- _____ કેટલી વખત આમ કરે છે?
- ______ એ _____ કેમ કરવું પડે છે?
- _____ ને ______ વશેિ કેવી લાગણી થઈ?
- _____ હવે પછી _____ શું કરી રહી/રહ્યો/રહ્યાં છે?
- પહેલાં/છેલ્લે શું થયું?
- વાર્તા મુખ્યત્વે શેના વશેિ છે?
- તમારા મનમાં શું વચિાર આવે છે?

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

એલેન ઓચો શા માટે એક અવકાશયાત્રી બન્યા?

તેણી એક અવકાશયાત્રી બની કારણ કે તે અવકાશને જાણવા માંગતી હતી.



## આર્ટ સ્ટુડયિો

1. કાગળ અને રંગપૂરણીના સાધનો લો.
2. વારાફરતી તમે તે સવારે/બપોરે/સાંજે તમે શું કર્યું તેનું ચત્રિ દોરો.
3. દરેક વારા પછી, ચત્રિો વશેિ એકબીજાને પૂછો. તમારી વાતચીતને માર્ગદર્શન આપવા માટે નમ્નિલખિતિ પ્રશ્નોનો ઉપયોગ કરો:
   - **તમારી સવાર/બપોર/સાંજ કેવી રહી હતી?**
   - **તમે શું કર્યું હતું?**
   - **તમને ______ વશેિ કેવી લાગણી થઈ?**

તમારા બાળકને પૂરા વાક્યોમાં જવાબ આપવા માટે પ્રેરો.

**ઉદાહરણ:**

મને શોમાં ખૂબ મજા પડી હતી.

હું મારા માનીતી ગાયકિાને ગાતા જોવા ગયો હતો/ગઈ હતી.

હું તેણીને નજરોનજર ગાતી જોવા વશેિ ખૂબ રોમાંચતિ હતો/હતી.



Lexia ENGLISH LANGUAGE DEVELOPMENT

© 2024 Lexia, a Cambium Learning Group company.